## Day 28

આશાજી નીંદ્દા કરતા નરગી થાશો, રહેશો શાહુથી દુરજી;
અમારી તમારી કેની નહીં ચાલે, ને નીંદાએ નરગ દુઆર.
હરી૦ (૩૩૮)

આશાજી પરનીંદાથી દૂરજ રહેજો, ચેતી ચાલો જીવજી;
ઇસ નાંરીથી બહુ જીવ ભુલા, તે ગયા ઘોર અંધાર. હરી. (૩૩૯)

આશાજી એ નારી સદા ધુતારી, જુગ કલપમાંહે જાણોજી;
ઇસ નારીકે વશ જે જીવ પડીઆ, તે ખોઇ ગયા કમાઇ;
હરી૦ (૩૪૦)

આશાજી સંસાર માયા કડવી જાણો, પરનારીથી દુરજ રહેણાજી;
ગાંગીઆ સરીખે તોબા કીધી, તે નહીં પોતા દેવ દુઆર. હરી૦ (૩૪૧)

આશાજી મોટા મોટા દેવ બહુ જીવ, પડી રહ્યા ચોથે આસમાનજી;
દીદાર કારણુ એમહી જોતા, જોતા માહામદની વાટ. હરી૦ (૩૪૨)

આશાજી એ નારી કારણુ હુરા ગમાવે, રહેવે એકલો તીયાંજી;
એ મેવા માલ સરવે જાશે, જાશે ઘોર અંધાર. હરી૦ (૩૪૩)

આશાજી દુનીયા કારણુ દીન ગમાવે, મુરખ ન ચેતે લોકાજી;
સરગ તણા તો મેવા ગમાવે, અને ગમાવે અમારો દીદાર.
હરી૦ (૩૪૪)

**Day 28 (continued)**

આશાજી રસ કસ સરવે મેલી દેજો, લેજો ગુરનું ગીનાનજી;
પોતાનો નર પરતક વીનવો, જ્યાંથી પામો દીદાર. હરી૦ (૩૪૫)

આશાજી પોતાના નર સાથે ચાલો, કરો ઘણું ધ્રીયાનજી;
ખટ ઘડી જ્યારે પાછલી રહેવે, મોમન રાખો ધરમ આચાર.
હરી૦ (૩૪૬)

આશાજી ધરમજ રાખો ધ્રીયાનસું જાગો, આવો ગુર ગત ગંગાજી;
છ દરસન તીરથ ન જાવો, આ તીરથ ગુરગત ગંગા. હરી. (૩૪૭)

આશાજી ગુરગત ગંગામાંહે અમેજ બેઠા, પરતક ગુરનર અવતારજી;
કમાવો જે તમારી રોજી, તે માંહેથી દસોંદ આલો. હરી. (૩૪૮)

આશાજી દસોંદ દસમી પાંતી આલો, દોશ મ રાખો ભારીજી;
દસે અવતારે દસમી પાંતી, એમહી દસોંદ લીખાણી. હરી. (૩૪૯)

આશાજી નર નકલંકી તખતેજ બેઠા, તેને દસોંદ આલોજી;
દસોંદ દેવે તે સરગે જાવે, અવર તે સરવે થોથા. હરી૦ (૩૫૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)